વિકિસ્રોત

# વિકિસ્રોતની ઓળખ

વિકિસ્રોત

# વિકિસ્રોતની ઓળખ

http://gu.wikisource.org

# વિકિસ્રોત એ શું છે?

વિકિસોર્સ એ એક ઓનલાઈન પુસ્તકાલય છે.

અહીં પ્રકાશનાધિકાર થી મુક્ત સાહિત્યનો સંચય કરવામાં આવે છે.

# વિકિસ્રોત એ શું છે?

વિકિસ્રોત

ગુજરાતી સાહિત્યનાવારસાને સરળતાથી સુલભ નાવવાનો આ એક વિનમ્ર પ્રયાસ છે. જેમાં રસધરાવતો વિશ્વનો કોઇપણ ગુજરાતી ભાષી સહભાગ કરી શકે છે. ગુજરાતી લોકો માટે ગુજરાતી લોકો દ્વારા કલાવાતો આ એજ સહિયારો પ્રયત્ન છે.

# વિકિસ્રોત ના ફાયદાઓ

વિકિસ્રોત

- અહીં ચડાવેલું સાહિત્ય મુક્ત પ્રકાશન અધિકાર હેઠળ આવે છે.કોઈપણ વ્યક્તિ તેનો વપરાશ કરી શકે છે.
- પુસ્તક લેવા લાયબ્રેરી સુધી જવાની જહેમત નહિ, સાહિત્ય ઘેર બેઠા વિશ્વના કોઈ પણ ખૂણે મળી રહે છે.
- સામાન્ય રીતે અપ્રાપ્ય એવા પુસ્તકો અહીં ચડાવી તેને સુલભ બનાવી શકાય છે.
- સાહિત્ય એડિટેબલ ફોર્મેટમાં હોવાથી તેને સરળતાથીવાપરી શકાય છે. પ્રીંટ લઈ શકાય છે.
- પુસ્તક સ્વરૂપે સાહિત્યની આવરદા ૫૦ વર્ષ જેવડી હોય છે અહીં તે લગભગ અમર છે.

# પ્રકાશનાધિકાર એ શું છે?

જ્યારે કોઈ લેખક કે કવિ પોતાની કોઈ કૃતિની રચના કરે તેના પ્રકાશન કે તેના દ્વારા થતી ઉપજ પર તે લેખકનો અધિકાર કે હક્ક હોય છે.

આવા હક્કને આધિના કૃતિઓ વિકિસ્રોત પર ચડાવવામાં આવતી નથી.

# પ્રકાશનાધિકાર એ શું છે?

વિકિસ્રોત

ભારતીય પ્રકાશનાધિકાર ધારા, ૧૯૫૭ હેઠળ, દરેક સાહિત્ય, નાટક, સંગીત અને કળાકારીગીરીની (છાયાચિત્રો સિવાયના) કૃતિઓ જો સર્જકના હયાતી કાળ દરમ્યાન પ્રસિદ્ધ થઈ હોય (ખંડ. ૨૨) તો તે સર્જકના મૃત્યુ પછી (એટલે કે, વર્ષ ૨૦૧૨ માટે, ઓછામાં ઓછી ૧ જાન્યુઆરી 1952 પહેલાં)ના વર્ષથી ગણતા ૬૦ વર્ષ બાદ સાર્વજનિક પ્રકાશનાધિકાર હેઠળ આવે છે. સર્જકના મરણોપરાંત પ્રકાશિત થયેલી કૃતિઓ (ખંડ. ૨૪), છાયાચિત્રો (ખંડ. ૨૫), ફિલ્મો (ખંડ. ૨૬), અને ધ્વનિમુદ્રણો (ખંડ. ૨૭) તેના પ્રકાશનના ૬૦ વર્ષ બાદ સાર્વજનિક પ્રકાશનાધિકાર હેઠળ આવે છે.

**આમ જો કોઈ સર્જકના મૃત્યુને ૬૦ વર્ષથી વધુ થયા હોય તો તેમની કૃતિ વિકિસ્રોત પર ચઢાવી શકાય.**

# પ્રકાશનાધિકાર એ શું છે?

વિકિસ્રોત

તે અનુસાર પ્રાચીન સર્જકો જેમકે મીરાંબાઇ, નરસિંહ મહેતા, નર્મદ, ગાંધીજી, ઝવેરચંદ મેઘાણી ઇત્યાદિ સર્જકોની કૃતિઓ વિકિસ્રોત પર ચઢાવી શકાય.

# વિકિસ્રોત પર કોણ કૃતિ ચાઢાવી શકે છે?

કોઈ પણ વ્યક્તિ કે જેને સાહિત્યસંવર્ધનના કાર્યમાં રસ હોય તે અહીં કૃતિઓ નિજી રીતે કે સહકારી રીતે કૃતિ ચઢાવી શકે છે.

# વિકિસ્રોત કૃતિ ચાઢાવવા શું કરવું?

વિકિ સ્રોત પર કૃતિઓ ચડાવવા માટે સઔ પ્રથમ ઈંટરનેટ પર જઈ

http://gu.wikisource.org

પર જવું

# વિકિસ્રોત કૃતિ ચાઢાવવા શું કરવું?

- આમ કરતા તમે તે વેબ સાઈટના મુખપૃષ્ઠ પર આવશો.
- અહીં તમારે પહેલી વખત પોતાના નામનું ખાતું તૈયાર કરવું
- ત્યાર બાદ જમણી તરફના  શોધો ચોકઠાંમાં કૃતિનું શીર્ષક મૂકીને ખાત્રી

  કરી લેવી કે તે પહેલેથી અસ્તિત્વમાં તો નથી ને?
- જો આ કૃતિ પહેલેથી અસ્તિત્વમાં ન હોય તો તમને નીચે લાલ અક્ષરે પ્રશ્ન

  પુછાશે કે શું તમે આ નામે પાનું તૈયાર કરવા માંગો છો?
- હવે તે લાલ રંગના શીર્ષકના અક્ષરો પર ક્લીક કરી તમે  તે કૃતિનું પાનું

# ગુજરાતી ટાઇપિંગ આવડવું જરૂરી છે?

વિકિસ્રોત

**ના!**

- અહીં કૃતિ ચઢાવવા ગુજરાતી  ટાઈપિંગ આવડે તે જરૂરી નથી
- જો તમને અંગ્રેજી કી બોર્ડ ની જાણકારી હોય તો તમે સરળતથી ટાઇપીઁગ કરી શકો છો.
- વિકિસ્રોત પર લિંપ્યાંતરણ વિકલ્પ ઉપલબ્ધ છે. જેના દ્વારા અંગ્રેજીમાં કી દ્વારા ટાઇપ થયેલ શબ્દો આપોઆપ ગુજરાતીમાં દેખાશે.
- દા. ત.  ગુજરાત લખવા માટે g u j a r a a t અથવા g u j a r A t

  અને નિતી લખવા માટે n i t e e અથવા n i t I એ પ્રમાણે ટાઈપ કરવું પડે છે.
- તે સિવાય જોઆપાગુજરાતી ટાઈપરાઈટર જાણતા હોવા તોટાઈક્ષપિંગ લે-આઉટ

  પણ ઉપલબ્ધ  છે. જેને ગુજરાતી ઇનસ્ક્રીપ્ટ કહે  છે.

# વિકિસ્રોત પર ઉપલબ્ધ સાહિત્ય

- લગભગ ૧000 થી વધુ કૃતિઓ
- સુભાષિતો, ગરબા, પ્રાર્થનાઓ, કવિતાઓ, ગીતો વગેરે
- પાંચ પૂર્ણ પુસ્તકો
- ૫૩ જેટલાસર્જકોની કૃતિઓ
- બે પુસ્તકો પર કાર્ય ચાલુ
- ૭૫સભ્યો હાલમાં ૧૦ સક્રીય

# આભાર